અંગોલામાં ફસાયેલા ૪૦ ગુજરાતી યુવાનો સલામત

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આફ્રિકાના અંગોલામાં ફસાયેલા ૪૦ ગુજરાતીઓ સહિત ભારતીય પરિવારોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા પ્રધાનમંત્રીશ્રી ડો. મનમોહનસિંહ સમક્ષ સમગ્ર દેશમાં સૌ પહેલી રજૂઆત કરી હતી તેનું ફળદાયી પરિણામ આવ્યું છે અને અંગોલા ખાતેના ભારતીય રાજદૂતે ગુજરાત સરકારના દિલ્હી ખાતેના નિવાસી આયુકતને એવી જાણ કરી છે કે આ ૪૦ ગુજરાતી યુવાનો સલામત છે અને જે ગુજરાતી યુવાનોને ભારત પરત આવવું હોય તો તે માટેની તમામ વ્યવસ્થા ત્યાંની ભારતીય એલચી કચેરીએ કરી આપી છે.

અંગોલાની સુમ્બે સિમેન્ટ ફેકટરીમાં કામ કરતા ભારતીય કામદારોને સિમેન્ટ ફેકટરીના મેનેજમેન્ટ દ્વારા પગારની ચૂકવણી સમયસર ન થતાં ભારતીય કામદારોએ વિરોધ કર્યો હતો અને આ આંદોલનને કચડી નાખવા ફેકટરીના મેનેજમેન્ટ દ્વારા સ્થાનિક પોલીસની મદદ લઈ ૫૯ ભારતીય કામદારોને જેલમાં મોકલી આપ્યા હતા. પોલીસે ૨૦૦ થી ૩૦૦ રાઉન્ડ ગોળીબાર પણ કર્યા હતા. આ સિમેન્ટની ફેકટરીમાં ૪૦ ગુજરાતી યુવાનો પણ કામ કરતા હતા અને તેઓ પણ ફસાયેલા છે તેવા સમાચાર મળતાંની સાથે જ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાત્કાલિક વડાપ્રધાન ડૉ. મનમહોનસિંગને એક પત્ર લખી ફસાયેલા ૪૦ ગુજરાતી યુવાનોની સલામતી અને સુરક્ષા બાબત વિદેશ મંત્રાલય અને ભારત સરકાર દરમિયાનગીરી કરે તે માટે આગ્રહભરી વિનંતી કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારના દિલ્હી ખાતેના નિવાસી આયુકતશ્રીને પણ આ બાબત વિદેશ મંત્રાલય અને અંગોલાની ભારતીય એલચી કચેરી સાથે સતત સંપર્કમાં રહી ભારતીય મજદૂરોને જરૂરી મદદરૂપ થવા સુચના આપી હતી.

અંગોલામાં ૪૦ ગુજરાતી યુવાનો ફસાયેલા છે તે બાબતના વડાપ્રધાનશ્રીને ઉદ્દેશીને લખેલા પત્રમાં મુખ્યમંત્રીશ્રીએ એ પણ જણાવ્યું હતું કે એક અહેવાલ મુજબ બંધક બનાવાયેલા આ યુવાનોને જંગલમાં લઈ જઈ પાણી અને ખોરાક વગર રાખવામાં આવ્યા હતા અને તેમના પાસપોર્ટ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તેમણે પત્રમાં એ પણ જણાવ્યું હતું કે ભારત સરકારે તેમની સલામતીના તમામ પગલાઓ લેવા જોઈએ.

ત્યારબાદ નિવાસી આયુકતશ્રીએ વિદેશ મંત્રાલયના સતત સંપર્કમાં રહી અંગોલામાં ફસાયેલા ગુજરાતીઓની મદદ માટે પ્રયાસો કર્યા હતા અને અંગોલાના ભારતીય રાજૂદતને પણ આ બાબત મદદરૂપ થવા વિનંતી કરી હતી. તેઓશ્રીએ વિદેશ મંત્રાલયના અધિકારીશ્રીઓને મળી રૂબરૂ રજુઆત પણ કરી હતી.

આમ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અસરકારક રજુઆત અને અધિકારીઓના સતત પ્રયાસોના કારણે આ ૪૦ ગુજરાતી યુવાનો સલામત છે તેવા સમાચાર અંગોલા ખાતેના ભારતીય રાજૂદત શ્રી દેબરાજ પ્રધાને નિવાસી આયુકતશ્રીને આપ્યા હતા. ગુજરાતી યુવાનોએ ભારત પરત આવવું હોય તો તે માટેની તમામ વ્યવસ્થા ત્યાંની ભારતીય એલચી કચેરીએ કરી આપી છે.

આ બનાવની વિગત એવી છે કે દક્ષિણ આફ્રિકાના અંગોલાની સિમેન્ટ ફેકટરીમાં મોટીસંખ્યામાં ભારતીય કામદારો કામ કરતા હતા તેમાં ગુજરાતીઓનો પણ સમાવેશ થતો હતો. તેઓને મહિનાઓ બાદ પગાર ન મળતા તેઓએ આંદોલન કર્યું હતું. આ આંદોલનને કચડી નાખવા કંપનીના સંચાલકોએ સ્થાનિક પોલીસ અને રાજકીય મદદ લઈને અમુક કામદારોને જેલમાં પુરી દીધા હતા. પરંતુ મુખ્યમંત્રીશ્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સમયસરની અસરકારક રજુઆતને કારણે આ ૪૦ ગુજરાતીઓ અંગોલોમાં સહી સલામત છે. આમ આ અંગોલાની સિમેન્ટ ફેકટરીમાં કામ કરતા આ ૪૦ ગુજરાતી પરિવારોની ચિંતા દૂર થઈ છે અને તેઓએ રાહતનો દમ લીધો છે.

શારીરિક ક્ષતિ ધરાવતી કાર્યકારી વ્યક્તિઓ / શ્રેષ્ઠ નોકરીદાતાઓને અપાતા એવોર્ડ માટેની સમિતિ

ગાંધીનગર, તા. ૧૮

શારિરીક ક્ષતિ ધરાવતી શ્રેષ્ઠ કાર્યકારી વ્યક્તિઓ, તેમને કામે રાખતા શ્રેષ્ઠ નોકરીદાતાઓ તેમજ પ્લેસમેન્ટ ઓફીસર્સને કેન્દ્ર/રાજય તરફથી અપાતાં અવોર્ડ માટેની પસંદગી સમિતિની રચના તા. ૧-૪-૨૦૧૨થી તા. ૩૧-૩-૨૦૧૪ સુધી કરવામાં આવી છે.

સમિતિના અધ્યક્ષપદે શ્રમ-રોજગારમંત્રીશ્રી, ઉપાધ્યક્ષ તરીકે રાજ્યકક્ષાના આજ વિભાગના મંત્રીશ્રી રહેશે.. સભ્યસચિવ તરીકે નિયામક રોજગાર અને તાલીમ ઉપરાંત અન્ય સભ્યોમાં શ્રમ રોજગાર વિભાગના અગ્રસચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્રસચિવ, શ્રમ આયુક્ત, ઉદ્યોગ કમિશનર, આરોગ્ય અને તબીબી કમિશનર, સમાજસુરક્ષા નિયામક, સુપ્રિન્ટેન્ડન્ટ વિકલાંગ રિહેબીલીટેશન સેન્ટર અમદાવાદ તથા વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનર રહેશે. જ્યારે બિનસરકારી સભ્યોમાં ડૉ. પ્રફુલ્લભાઈ દોશી રાજકોટ, કૌશલ્યા કુંવરબા પરમાર-હિંમતનગર, શ્રીમતી નિર્મલા શાહ-અમદાવાદ, કાંતિભાઈ આઈ. પરમાર, અમદાવાદ રહેશે.

હાલમાં સર્વત્ર ઉનાળામાં સૂરજ દાદાના સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ સુધી એક ધાર્યા તડકાના કારણે પ્રજાજનો ભારે ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે સૌ કોઈ પોત-પોતાની રીતે કાળઝાળ ગરમીથી પોતાની જાતને બચાવવા મથામણ કરે છે. ગરમીમાં પશુ પંખીઓની હાલત પણ ભારે દયનીય બની છે. ઉત્તર ગુજરાતના જુદા જુદા સ્થળોએ આવેલા વોટર પાર્કોના ગરમીથી ત્રસ્ત જિલ્લા વાસીઓ મોટી સંખ્યામાં જઈ ઠંડક મેળવી રહ્યા છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામના ૨૪ એકર જમીન ધરાવતા તળાવને ધરોઈ બંધમાંથી ભૂગર્ભ જળ લાઈન દ્વારા પાણીથી તળાવ ભરવાની તંત્રની વાહીયાત વાતોના ભોગ નિર્દોષ વનચર પ્રાણીઓ બની રહ્યા છે. તે દૃશ્ય આ તસવીરમાં જોઈ શકાય છે. માણસ ભર ઉનાળાના બળબળતા તાપમાં તરસ છીપાવવા માટે સાનુકુળ પ્રયત્ન કરી તરસ છીપાવી શકે છે ત્યારે વન્ય પ્રાણીઓને તરસ છીપાવવાનું કામ મુશ્કેલ બની રહ્યું છે. (તસવીર : જનકભાઈ રાવલ)

થાઈલેન્ડ અને ગુજરાત વચ્ચે પ્રવાસન સર્કિટ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે થાઈલેન્ડના ભારતસ્થિત રાજદૂત શ્રીયુત પિસાન માનવાપટની આગેવાનીમાં થાઈલેન્ડનું ગુજરાત આવેલું પ્રતિનિધિમંડળ મળ્યું હતું અને ગુજરાત તથા થાઈલેન્ડ વચ્ચે પરસ્પરના પ્રવાસન વિકાસ સહિતના અન્ય ક્ષેત્રોમાં સહભાગીતા વિસ્તારવા ફળદાયી પરામર્શ કર્યો હતો.

થાઈલેન્ડમાં બૌધ્ધ ધર્મનો ખૂબ જ પ્રભાવ છે અને ભારતમાં બૌધ્ધ ધર્મના પ્રાચિન અવશેષો ધરાવતા સ્થળોની મૂલકાતે ૬૦,૦૦૦ જેટલા થાઈ-પ્રવાસીઓ આવે છે તેનો ઉલ્લેખ કરી શ્રીયુત માનવાપટે મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગુજરાત-થાઈલેન્ડની બુધ્ધિષ્ઠ સર્કિટ શરૂ કરવાની તત્પરતા દાખવી હતી.

આ સૂચનને આવકારતાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં બૌધ્ધ ધર્મના પ્રભાવની અને થાઈલેન્ડમાં ભગવાન વિષ્ણુના પ્રાચિન મંદિરો જોતાં વિષ્ણુ સર્કીટ શરૂ થઈ શકે તેમ જણાવ્યું હતું.

ગુજરાત અને થાઈલેન્ડ વચ્ચે પ્રવાસન વિકાસ માટેના પરસ્પર વિનિયોગને આગળ વધારવા બંને મહાનુભાવોએ સહમતી દાખવી હતી અને ગુજરાત તથા થાઈલેન્ડના બેંગકોક-અમદાવાદ વચ્ચે વિમાની સેવાઓ શરૂ થાય તે દિશામાં પણ

સહમતિ આપી હતી. અમદાવાદનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક થાઈલેન્ડની કંપનીએ બાંધેલું છે.

અમદાવાદમાં થાઈલેન્ડ સરકાર તરફથી વિઝા, ટુરિઝમ અને કલ્ચરલ સેન્ટર શરૂ કરવા અંગે થાઈલેન્ડ રાજદૂતે તત્કાલ પ્રતિભાવ આપ્યો હતો. ગુજરાતીઓ અને થાઈપ્રજા વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનની વિશાળ સંભાવના રહેલી છે.

ગુજરાતમાં **DMIC** પ્રોજેકટ સહિત ઈન્ફ્રાસ્ટ્રકચર અને હાઉસિંગ પ્રોજેકટમાં થાઈલેન્ડની કંપનીઓ ભાગીદારી કરવા આતુર છે એવી શ્રીયુત માનવાપટની દરખાસ્તને મુખ્યમંત્રીશ્રીએ આવકારી હતી. થાઈલેન્ડમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં બિઝનેસ-ઈન્વેસ્ટમેન્ટ સેમિનાર યોજાવાનો છે તેમાં ગુજરાત સાથેની વાણિજ્ય ભાગીદારીને વિશેષ મહત્વ અપાશે એમ પણ શ્રીયુત માનવાપટે જણાવ્યું હતું.

આ બેઠકમાં ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓએ રાજ્યના વિઝન વિકાસની પ્રસ્તુતિ કરી હતી.

રકમ બેવડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવેશ આપવામાં આવનાર છે. જેમાં ૧૬ હજાર જેટલા બાળકોને ધો. ૧ માં તથા ૩૬૨ શાળાઓમાં ધો. ૮ના વર્ગ શરૂ થઈ રહ્યા હોવાથી ત્યા ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને પણ પ્રવેશોત્સવ વખતે જ પ્રવેશ આપવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત આ વર્ષે પણ હાલના પ્રાથમિક અંદાજો પ્રમાણે ૩૫૦ જેટલી વિદ્યાર્થીનીઓને આ યોજના તળે આવરી લેવામાં આવશે તેમ જિલ્લા તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જો કે આ અંગેનું આયોજન હાલ પ્રાથમિક તબક્કામાં હોવાથી આની ચોક્કસ વિગતો ઉપલબ્ધ બની નથી.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યાંક સાથે પ્રવેશોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે શિક્ષકોએ ઘેર ઘેર ફરી અને સર્વે કરી વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરી છે. મળતી વિગતો પ્રમાણે ૧૧મી જુને પ્રવેશોત્સવને સફળ બનાવવા માટે જિલ્લાના તમામ આચાર્યોની એક બેઠક પણ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે પ્રવેશોત્સવ વેળાએ ધો. ૧ થી ૭નો સળંગ અભ્યાસ પૂર્ણ કરનાર બાળાઓ ને વિદ્યાલક્ષ્મી બોન્ડની રોકડ રકમ પણ સમારંભ દરમ્યાન જ વિતરણ કરવામાં આવશે. પ્રવેશોત્સવ લોકોત્સવ બની રહે તે માટે ગામોમાં શણગાર અને સફાઈ કરવામાં આવે તેમજ શિક્ષણનું મહત્વ સમજાવતા ભીતસૂત્રો લખાય એટલું જ નહિ પ્રભાતફેરી જેવા કાર્યક્રમોનું પણ આયોજન વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે.

સ્ટુડિયો બનાવશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોજેક્ટ પ્રોફાઈલમાં ૨૨ પ્રકારના ઝોન બનશે જેપૈકી ૧૦માં ફિલ્મસિટીનુંનિર્માણ કરાશે.

ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચને ગાંધીનગર પાસે ૫.૭૨ એકર જમીન લીધી છે. તેઓએ ગુજરાતના પ્રવાસને પ્રોજેક્ટ કરવા ખુશ્બુ ગુજરાત કી.. એડ ફિલ્મમાં કામ કર્યું છે. ગિફ્ટ સિટી પાસે આવેલી આ જમીનમાં તેઓ શું કરવાના તેની કોઈને ખબર નથી પરંતુ આ જમીન તેમના નામે તબદીલ કરી દેવામાં આવી છે.

ફિલ્મસ્ટાર અજય દેવગન ગુજરાતમાં કેનાલ બેઝ પાવર પ્રોજેક્ટ ઉભો કરવા માગે છે. તેઓ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ચાર વખત મળી ચૂકયાં છે. મુન્નાભાઈ એટલે કે સંજય દત્ત અને તેમના એનઆરઆઈ મિત્ર પરેશ ઘેલાણી હોલીવૂડના યુનિવર્સલ સ્ટુડિયો જેવી ફિલ્મ સિટી બનાવવા તૈયાર છે. તેઓ ૧૦૦૦ કરોડના મૂડીરોકાણનો ટારગેટ રાખે છે. ચરિત્ર અભિનેતા અનુપમ ખેર ફિલ્મ કલાકારો માટેની નેશનલ કક્ષાની એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ બનાવશે, સંભવતઃ તેમને ગાંધીનગર-અમદાવાદ વચ્ચે જગ્યા ફાળવવામાં આવે.

ફિલ્મસ્ટાર જેકીશ્રોફ અમદાવાદ અને નળ સરોવર વિસ્તારમાં ૫૦૦ કરોડના ખર્ચે ફિલ્મ સ્ટુડિયો સ્થાપવા માગે છે. આ માટે ૧૮.૭૫ એકર જગ્યાની પસંદગી કરવામાં આવી છે. મુંબઈ બેઝ પ્રોડ્યુસર મિહીર ભુતા દક્ષિણ ગુજરાતમાં ૫૦૦ કરોડના ખર્ચે અદ્યતન ફિલ્મસિટી બનાવવા માગે છે તેમની સાથે ફિલ્મસ્ટાર પરેશ રાવલ જોડાયેલા છે. જ્યારે હોલીવૂડના નિર્માતા લૂલા મોટીને મળી ચૂક્યાં છે અને તેઓ કચ્છના લોકેશનમાં ફિલ્મ સિટી તેમજ સ્ટુડિયો ઉભો કરશે.

ફિલ્મ સ્ટાર શત્રુઘ્ન સિંહાએ સ્ટુડિયો માટે કચ્છની પસંદગી કરી છે. તેઓ બિહારમાં પણ ફિલ્મ સિટી ઉભી કરી રહ્યાં છે. ફિલ્મ નિર્માતા ઈંદરકુમાર અને તેમના પાર્ટનર અશોક ઠાકરીયા વડોદરામાં શૂટીંગ સ્ટુડિયો, હોટલ, રેસ્ટોરન્ટ અને એમ્યુઝમેન્ટ પાર્ક બનાવી રહ્યાં છે. વડોદરામાં સાગર ગ્રુપ ૩૫ એકર જમીનમાં ફિલ્મ એકેડેમી અને સ્ટુડિયો બનાવશે. ઈન્ટરનેશનલ કન્સલ્ટન્ટ મોટ્ટ મેકડોનાલ્ડ નર્મદા નહીના મુખના લોકેશન સાથે અલિયાબેટ વિસ્તારમાં ૭૮૯ કરોડનો ખર્ચે ગોલ્ફ કોર્સ અને ફિલ્મ સિટી બનાવશે.

શબ્દાવલી - ૪૭૩૪

૧	૨	૩	૪	■	૫		૬
૭				■		■	
	■		■	૮		૯	
■	૧૦		૧૧		■		■
૧૨		■		■	૧૩		૧૪
૧૫		૧૬	■	૧૭			
૧૮			૧૯	■		■	
૨૦		■	૨૧			■	

આડી ચાવી

૧. શક્ય હોય તેવું, શક્યતા (૪)
૫. વધારે નહિ તેવું, યોગ્ય (૩)
૩. જોડવું, જોતર વડે પશુને ઘુંસરી સાથે જોડવું (૪)
૮. મોટપ, વડીલપણુ (૪)
૧૦. અવળચંડાઈ, નડવું (૪)
૧૨. ક્રોધ, રોષ, ગુસ્સો (૨)
૧૩. અજવાળુ (૩)
૧૫. હોમ, અનુષ્ઠાન (૩)
૧૭. ચોકિયાત, રખેવાળ (૪)
૧૮. રાડો પાડવી, ઘાંટાઘાટ (૪)
૨૦. અંદર (૨)
૨૧. નરમ ના હોય તેવું (૩)

ઊભી ચાવી

૧. સંયોગ, જોગ (૩)
૨. રાંધેલા ચોખા (૨)
૩. લગ્ન વખતે વરરાજાને ઘોડા પર ફેરવવા તે (૪)
૪. સ્નાન કરવું (૨)
૫. સમાચાર (૩)
૬. ડરપોક (૩)
૮. હિસ્ટીરીયા (૨)
૯. હાર (૪)
૧૦. ખુદના વખાણ કરવા તે (૫)
૧૧. ગરમ વસ્તુથી દઝાડવું તે (૨)
૧૨. અવાજ, શોર (૪)
૧૩. ભાત ઓસાવીને બનાવાય ત્યારે વધતું પાણી (૪)
૧૪. સતોપ્રધાન, ગુણોવાળું (૪)
૧૬. 'રાન' નું ઉંધુ (૨)
૧૯. બગલો, એક પક્ષી (૨)

શબ્દાવલી ૪૭૩૩ના જવાબ

આડી ચાવી :- (૧) મોરસ (૩) આવડત (૬) વાસી (૮) કાઠીયાવાડ (૧૧) નરસુ (૧૩) સથવારો (૧૫) લકવા (૧૭) જણસ (૧૮) ભારો (૨૧) કસમકસ

ઊભી ચાવી :- (૧) મોવાળો (૨) રસી (૪) વડવાનલ (૫) તર્ક (૭) ભઠીયારો (૯) ડરકણુ (૧૦) પથ (૧૨) સુવા (૧૩) સમજણ (૧૪) વારસ (૧૬) આભાસ (૧૯) રોમ (૨૦) કસ

સમાચાર ઝલક

- મધ્યપ્રદેશમાં ૨૦ હજાર કિલો વિસ્ફોટકો સાથે ટ્રક ગાયબ.
- બનાસકાંઠાના ગામડાઓમાં બી.ટી.કપાસનો નકલી બિયારણનો વેપાર.
- બેચરાજી-કાલરી રોડ પર બે બાઇક અથડાતાં અકસ્માતમાં બેનાં મોત.
- ગઝલ સમ્રાટ મહેંદી હસનની તબિયત એકદમ નાજુક, લોહીની ઉલ્ટીઓ થઇ : ભારતમાં સારવારની મંજુરી માટે કુટુંબની માગણી.
- અમદાવાદમાં રીક્ષાઓની હડતાળ : સી.એન.જી. ના ભાવવધારાના વિરોધમાં.
- આઇ.પી.એલ. મેચમાં પાછી માથાકૂટ : વિદેશી નારી સામે છેડછાડનો મામલો, પોલીસ સ્ટેશનને પહોંચ્યો : ફરિયાદ નોંધાઇ.
- અંગોલામાંથી ગુજરાતના ૪ યુવાનોને સ્વદેશ પરત આવવા મંજૂરી અપાઇ.
- આણંદ જિલ્લામાં વ્યાપક માટી ચોરી છતાં તંત્ર ગાંધારીની ભૂમિકામાં.
- મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ભાજપ કારોબારીમાં હાજર નહિ રહે તેવી ભ્રામક પ્રચાર : મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખનો રદિયો.
- ખંભાતની પોલીસ વાન ગાંધીનગર પાસે પલ્ટી જતાં બે જવાનોને ઇજા.
- સરકાર હવે ખાનગી ઉદ્યોગોને જમીન હસ્તાંતરણ નહી કરે : સંસદમાં પ્રસ્તાવ રજૂ થશે.
- ગુજરાતમાં હવે દેશનું સૌથી મોટો ઓટો પાર્ટસ - પાર્ક બનાવવાની તૈયારી.
- નિર્મલબાલા અંગેની જાહેરાતો માટે હાઇકોર્ટની દિલ્હી - કેન્દ્ર સરકારને બાબાને નોટીસ ફટકારી.
- પોસ્ટના એન.એસ.સી. અને એમ.આઇ.એસ.ની પાકતી મુદ્દત વહેલી કરી : ૧ વર્ષનો ઘટાડો.
- રેલ્વે નૂર વધતાં મીઠું પણ મોંઘું બનશે : રાજયસભાના ગુજરાતના નવા સાંસદ શ્રી મનસુખભાઇ માંડવિયાની ધારદાર રજૂઆત.
- સ્વ. કવિશ્રી રમેશ પારેખના માદરે વતન અમરેલીમાં ૬૬ દિવસની શ્રધ્ધાંજલિ અર્પી.
- ધોનીની જીવન સંગીની સાક્ષીએ ગરદન પર ત્રોફાવ્યું ધોનીનું નામ.
- આજે અમદાવાદમાં આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસના પુસ્તકો 'સીમ-અસીમ' શ્રેણીનાં ચાર પુસ્તકોનું વિમોચન થશે.
- કૃષિ મહોત્સવની કલામાં ઊંઝા તાલુકાના કામલી ગામના શ્રી કીર્તિભાઇ એ ૫૪ ગુંઠા જમીનમાં દિવેલા ૧૮૦ મણ ઉત્પાદન કર્યું.
- દસક્રોઇ તાલુકાના બિલાસીયા ગામે ૪૦ વિઘામાં દસ હજાર મણ તરબૂચનું ઉત્પાદન થયું : ૧૩ લાખ રૂપિયાની આવક મેળવી.
- સપ્તાહના છેલ્લા દિવસે શેરબજાર ખુલતાં જ વિશ્વના શેરબજારોની મંદીથી સેન્સેક્સ ૧૬૦૦૦ની સપાટી તોડી.

પવનચક્કી લગાવાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે અધધ ખર્ચ પણ થઈ શકે તેમ છે. ઉર્જાના ખર્ચને સરભર કરવા માટે મેગા કંપનીએ વિશાળ પવનચક્કીના ફાર્મ બનાવવાનું નક્કી કર્યું છે. પ્રોજેક્ટના સંચાલનનો ખર્ચ ઓછો કરવા મેગા કંપનીએ પવનચક્કીઓના ફાર્મ બનાવવાનો નિર્ણય લઈ પર્યાવરણના હિતમાં એક આવકારદાયક પગલું ભર્યું છે. ૨૦ મેગાવોટનો પવનચક્કી ફાર્મ પ્રથમ તબક્કામાં બનાવવામાં આવશે. દિલ્હી જેવા રાજ્યમાં મેટ્રોરેલ માટે સબસીડી પણ આપવામાં આવે છે. ગુજરાતમાં જો આવી સુવિધા ન મળે તો મેટ્રોરેલના સંચાલનમાં વધુ ખર્ચ આવી શકે છે. જો આ પ્રોજેક્ટ સફળ થશે તો મેગા આવા વધુ ફાર્મ બનાવવાની દિશા તરફ કદમ માંડશે. આ ફાર્મ દ્વારા ઉત્પન્ન થતી વીજળી વેચીને મેટ્રોરેલ માટે વપરાનારી ઉર્જાના ખર્ચને ઘટાડવાનો અથવા સરભર કરવાનો પ્રયાસ કરવામાં આવશે. શક્ય હશે તો મેટ્રોરેલના ૪૪ કિ.મી. લાંબા રૂટને પવનચક્કીઓના ફાર્મ સાથે જોડી દઈ આ ઉર્જા વડે જ મેટ્રોરેલનું સંચાલન કરવાના પ્રયાસો કરવામાં આવશે. મેટ્રો રેલનો પ્રોજેક્ટ જેમ જેમ પૂર્ણ થતો જશે તેમ તેમ પવનચક્કી ફાર્મની સંખ્યા વધારવામાં આવશે.

ગાયના મોત...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેવડાઈ છે. ગાયોના મોતની ઘટનાના પગલે ગઈકાલે સાંજે સ્થળ પર પહોંચેલી તંત્રની ટીમે તપાસ હાથ ધરી હતી પરંતુ સાંજ ઢળતા આજે સવારે મત પશુઓના પોષ્ટમોર્ટમના અંતે તેના વિશેરા લઈ તપાસ માટે એફ.એસ.એલ.ને મોકલી ગાયોના મોતનું કારણ શોધવાની દિશામાં ગતિવિધિઓ હાથ ધરી છે. મૃત્યુ પામનાર આ તમામ ગાયો એક જ માલિકની હોવાનું પણ માલુમ પડ્યું છે. જ્યારે પ્રાથમિક અંદાજ મુજબ ગાયોએ એરંડાના પાન ખાધા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બાલવામાં ૧૭ ગાયોના મોતથી પશુપાલકો પણ શોકમગ્ન બન્યા છે. આજે આ વિસ્તારના ધારાસભ્ય સુરેશ પટેલ તેમજ જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન અજિતસિંહ રાઠોડે મુલાકાત લઈ પશુમાલિકોને હૈયાધારણા આપી હતી. આ તબક્કે તેમણે સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાની પણ ખાત્રી આપી હતી.